# જી-૨૦ની બેઠકમાં પધારેલા વિદેશી ડેલિગેટ્સનું સ્વાગત







## જી-૨૦ ડેલિગેટ્સનું પાઘડી પહેરાવીને કુમકુમ તિલક કરીને કચ્છી સંસ્કૃતિ મુજબ સ્વાગત કરાયું

ભુજ, મંગળવાર

સફેદ રણ ધોરડો ખાતે યોજાનારી પ્રથમ પર્યટન કાર્યકારી સમૂહ બેઠકમાં ભાગ લેવા માટે જી૨૦ સભ્ય દેશો, આમંત્રિત દેશો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વરિષ્ઠ પ્રતિનિધિશ્રીઓ તેમજ સહભાગીઓ ભુજ એરપોર્ટ ખાતે પહોંચ્યા હતા. એરપોર્ટ ખાતે પધારેલા પ્રતિનિધિશ્રીઓનું કચ્છી સંસ્કૃતિની ઝલક દર્શાવતી વિવિધ પ્રસ્તુતિ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પનઘટ ગ્રુપ દ્વારા જોડિયા પાવા, ઘડો ઘમેલો, સંતાર, મંજીરા, ખંજરી વગેરે કચ્છી લોકવાદ્યો સાથે કચ્છી લોકસંસ્કૃતિની ઝાંખી દર્શાવતા લોકનૃત્યો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવી હતી. પ્રતિનિધિઓએ પણ આ પળે કચ્છી સંસ્કૃતિની ઝલક દર્શાવતી વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓને ઉત્સાહભેર માણી હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના કચ્છના રણની આકર્ષક સફેદ રેતી ૭ થી ૯ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન જી૨૦ દેશોના પર્યટન ક્ષેત્રના પ્રતિનિધિશ્રીઓના મંડળની સાક્ષી બનશે. પર્યટન મંત્રાલય દ્વારા યોજાઇ રહેલી જી-૨૦ના નેજા હેઠળ પ્રથમ પર્યટન કાર્યકારી સમૂહની બેઠક કચ્છના ધોરડોમાં યોજાવા જઈ રહી છે. આ પ્રસંગે કેન્દ્રીય પ્રવાસન મંત્રી જી.કિશન રેડ્ડી, કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રુપાલા પણ ડેલિગેશન સાથે પધાર્યા હતા. ભુજ એરપોર્ટ ખાતે કચ્છ મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ પારૂલબેન કારા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ, માલતીબેન મહેશ્વરી, ત્રિકમભાઈ છાંગા, ભુજ નગરપાલિકા પ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કર, અગ્રણી વલમજીભાઈ હુંબલ, શિતલભાઈ શાહ, જિલ્લા કલેક્ટર દિલીપ રાણા, જિલ્લા વિકાસ અધિકારી ભવ્ય વર્મા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહીને સ્વાગત કર્યું હતું.

# અમરેલી જિલ્લામાં ભૂકંપનો આંચકો અનુભવાયો

### તુર્કી અને સીરિયા બાદ ગુજરાતની ધરા પણ ધ્રૂજી : સાવરકુંડલા, ખાંભા સહિતના ૧૦ ઉપરાંતના ગામડાઓની ધરા ધ્રુજી ઉઠતા લોકો ઘરમાંથી બહાર નીકળી ગયા હતા

અમરેલી, તા.૭

તુર્કી અને સીરિયામાં આજે ભૂંકપના કહેરે તબાહી મચાવી છે. રીક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૮ની રહી હતી. એક અહેવાલ અનુસાર અહીં છેલ્લા ૧૨ કલાકમાં ૪૬ વખત ધરતી ધ્રુજી હતી. અત્યાર સુધીમાં તુર્કી અને સીરિયામાં ભૂકંપના કારણે અત્યાર સુધીમાં ૩૮૦૦ લોકોના મોત થઈ ગયા છે. ત્યારે આજે ગુજરાતના અમરેલીમાં ધરા ધ્રૂજી છે. અમરેલી જિલ્લામાં ભૂકંપના ભયનો આંચકો અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. મીતીયાળાની ધરા સાથે અનેક ગામડામાં ભૂકંપનો જોરદાર આંચકો અનુભવાયો છે. સાવરકુંડલા, ખાંભા સહિતના ૧૦ ઉપરાંતના ગામડાઓની ધરા ધ્રુજી ઉઠતા લોકો ઘરમાંથી બહાર નીકળી ગયા હતા. મિતિયાળા બાદ અન્ય વિસ્તારોમાં ભૂકંપનો આંચકો આવતા ગામડાઓમાં લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. સાવરકુંડલા, બાઢડા, સૂરજ વડી, મિતિયાળા, સાકરપરામાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ખાંભા ગીર પંથક સહિતના ખાંભા ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપનો રદાર આંચકો અનુભવાયો છે. મીતીયાળા બાદ અનેક ગામડાઓમાં ભૂકંપના આંચકાને કારણે ફફડાટ ફેલાયો છે. મિતિયાળામાં છેલ્લા ઘણા સમયથી ભૂકંપના આંચકાની અનુભૂતિ થઈ રહી છે. જોકે છેલ્લા ત્રણ દિવસથી ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩ની આસપાસ પહોંચી જતાં સ્થાનિકોમાં ખૂબ ફફડાટ ફેલાયોછે. સાવરકુંડલા તાલુકામાં અનુભવતા ભૂકંપના આંચકા મામલે ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. આવતી કાલે સુસ્મોલોજી વિભાગની ટીમ મુલાકાત લેશે. ટેકનીકલ ટીમ દ્વારા વિસ્તારનું નિરીક્ષણ કરી રિપોર્ટ આપવામાં આવશે.

# માનસરોવરનું પવિત્ર જળકળશ દેશના તમામ જિલ્લાઓના એક શિવાલયમાં સ્થાપીત કરાશે : ભારત તિબેટ સહયોગ મંચ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક, માર્ગદર્શક અને રાષ્ટ્રીય કાર્યકારિણી સભ્ય વરિષ્ઠ પ્રચારક ડૉ. ઈન્દ્રેશ કુમારના મુખ્ય માર્ગદર્શન હેઠળ ૪ અને ૫ ફેબ્રુઆરીના રોજ કૈલાશ માનસરોવર ભવન, ગાઝિયાબાદ ઉત્તર પ્રદેશ ખાતે ભારત તિબેટ સહયોગ મંચની રાષ્ટ્રીય કાર્યકારિણીની બે દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. જેમાં આશ્રયદાતા કુલદીપચંદ અગ્નિહોત્રીના વિશેષ સંઘ, સરદાર હરજીત સિંહ ગ્રેવાલના અધ્યક્ષસ્થાને અને રાષ્ટ્રીય મહામંત્રી પંકજ ગોયલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ઉપરોક્ત બે દિવસીય રાષ્ટ્રીય કાર્યકારિણીમાં ભાગ લઈને મુખ્યત્વે યુવા પ્રબુદ્ધ મહિલાઓ અને પર્યાવરણ વિભાગોની જિલ્લા ટીમો બનાવવામાં આવશે અને ભારત તિબેટ સહયોગ મંચ ચાઈનીઝ વસ્તુઓને દૂર કરી સ્વદેશી વસ્તુઓ ખરીદવા જનજાગૃતિ સહિત વ્યાપક અભિયાન શરૂ કરશે.

રાષ્ટ્રીય કાર્યકારિણીને માર્ગદર્શન આપતાં મુખ્ય અતિથિ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાષ્ટ્રીય કાર્યકારી સભ્ય ઈન્દ્રેશ કુમારે જણાવ્યું હતું કે ચીન એવો દેશ છે જેને માનવતા સાથે કોઈ લેવાદેવા નથી ચીન કોઈને કોઈ સ્વરૂપે વિશ્વના ઘણા દેશોને તણાવમાં લાવવાનું કામ કરતું રહે છે. તેની પાસેથી માનવતા અને માનવતાની કંઈ અપેક્ષા રાખી શકાય નહીં. તેથી જ ચીન સામે માનવતા સંરક્ષણ માટે સતત અને સતત જાગૃતિ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અભિયાન ચાલુ રાખવું જરૂરી છે. તેમણે કહ્યું કે આપણે દરેક સ્તરે સતર્ક રહીને




ચીનની નાપાક પ્રવૃત્તિઓ સામે વ્યાપક રીતે જનજાગૃતિ અભિયાનને વધુ ગતિ આપવી પડશે. પ્રતિજ્ઞા લઈને આપણે સૌએ કૈલાશ માનસરોવરના પવિત્ર જન્મને દરેક જિલ્લામાં લઈ જઈને ચીનને એક મજબૂત સંદેશ આપવાનો છે કે કૈલાશ માનસરોવર તેનું મૂળ જ રહેશે. આ સાથે આપણે જનજાગૃતિ અભિયાનોમાં તિબેટની આઝાદીનો માર્ગ મોકળો કરવાનો છે. આ માટે સમાજના દરેક વર્ગ સુધી પહોંચવાની અને જાગૃતિ ફેલાવવાની જરૂર છે. આજે સમગ્ર ભારતના હૃદયમાં રામ વસ્યા છે ત્યારે કૈલાશ માનસરોવર ભારતનું મન છે. શિવ હવે ભારતના મનમસ્તિષ્કમાં છે.આ બેઠકમાં ડો. કુલદીપ ચંદ્ર અગ્નિહોત્રી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, માસ્ટર મોહન લાલ ચંદ્ર શેખર સાહુ, સ્વામી દિવ્યાનંદ મહારાજ, રાષ્ટ્રીય મંત્રી, નીરા શાસ્ત્રી, ભારત તિબેટ સહયોગ મંચ ના આશ્રયદાતાએ ભાગ લીધો હતો. શિવકાંત તિવારી, વિજય શર્મા, રામકિશોર પ્રસારી, નર્સિંગ મંગજી. પ્રમોદ ગોયલ, અનિલ મંગા સહિત દેશભરમાંથી ૩૫૦ પ્રતિનિધિઓની પ્રતિષ્ઠિત હાજરી હતી. આગામી મે માસમાં ધર્મશાળા ખાતે આ સંગઠનના ૨૫ વર્ષ પુરા થતા મહા સંમેલન યોજાશે જેમા ભારત તિબેટની સાંસ્કૃતિક ધાર્મિક વિભાવના પર વિવિધ કાર્યકર્મ કરશે જેમાં દેશભરના લોકોને ધર્મશાળા ખાતે એકત્ર કરવામાં આવશે. આ બેઠકમાં ગુજરાત પ્રાંતમાંથી રાષ્ટ્રીય મંત્રી રામકિશોર પસારી, રાષ્ટ્રીય કારોબારી સદસ્ય ગીતેશભાઈ પટેલ, પ્રાંત અધ્યક્ષ વિપિનભાઈ પંડ્યા, મહામંત્રી ગજેન્દ્રભાઈ જોશી, રાષ્ટ્રીય મહિલા કારોબારી સભ્ય નમામીબેન પંડ્યા, ગુજરાત પ્રાંત મહિલા મહામંત્રી કુંજલબેન ત્રિવેદી, ગુજરાત પ્રાંત પ્રચાર પ્રમુખ ભરતભાઈ ચૌધરી, ગુજરાત સહ પ્રાંત પ્રચાર પ્રમુખ શૈલેષભાઈ પ્રજાપતી અને યુવા અધ્યક્ષ તન્મય સિંહા વગેરેએ ઉપસ્થિત રહી સક્રિય સહભાગિતા કરી હતી.

# JEE મેઈન્સનું પરિણામ જાહેર

### અમદાવાદના બે વિદ્યાર્થીના ૧૦૦માંથી ૧૦૦ પર્સેન્ટાઇલ

અમદાવાદ, તા.૭

ધોરણ ૧૨ પછી ડિગ્રી એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવવા માટે લેવાતી JEE મેઈન્સનું પરિણામ જાહેર થયું છે. જેમાં અમદાવાદના બે વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. જાન્યુઆરી માસમાં લેવાયેલી આ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. બંને વિદ્યાર્થીઓને જેઈઈ એડવાન્સની પરીક્ષામાં સ્કોર કરી બોમ્બે IITમાં કમ્પ્યુટર સાયન્સ કરવાનો ગોલ છે. ધોરણ ૧૨ પછી રાજ્ય અને દેશની શ્રેષ્ઠ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ માટે લેવામાં આવતી જેઈઈ મેઈન્સ પ્રથમ તબક્કાની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં અમદાવાદના બે વિદ્યાર્થીઓ એવા છે કે, જેમને ૧૦૦ પર્સન્ટાઈલ હાંસલ કર્યા છે. દેશભરમાં માત્ર ૨૦ વિદ્યાર્થીઓ એવા છે કે જેમને આ સફળતા મળી છે. જેમાં અમદાવાદના કૌશલ વિજયવર્ગીય અને હરસુલ સુથાર નામના વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ છે કે, કૌશલ નામના વિદ્યાર્થીએ જેટલા માર્કની પરીક્ષા હતી, એટલા માર્ક મેળવ્યાં છે. કૌશલએ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતમાં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. જ્યારે હર્ષલ સુથારે ગણિત અને ભૌતિકશાસ્ત્રમાં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની અને દેશની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ માટે JEE મેઈન્સની પરીક્ષા યોજાતી હોય છે. મેન્સ બાદ એડવાન્સની પરીક્ષા લેવામાં આવે છે. જેના થકી વિદ્યાર્થીઓને IIT, NITમાં પ્રવેશ મળે છે.

ત્રણ વર્ષથી વર્ષમાં બે વાર

# રાજકોટ-અમદાવાદ હાઈવે પર ટ્રક-કાર ટકરાતાં ચારનાં મોત

### અકસ્માતમાં બેથી ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતા નજીકની હોસ્પિટલમાં ખસેડાયા

અમદાવાદ, તા.૭

રાજકોટ - અમદાવાદ હાઈવે પર ફરી એક વખત ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર આજે ભયાનક અકસ્માત થયો હતો.

આ અકસ્માતમાં ૪ લોકોના મોત થયાના અહેવાલ સામે આવી રહ્યા છે. આ અકસ્માતની ઘટનામાં બેથી ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો છે. રાજકોટ - અમદાવાદ હાઈવે પર સુરેન્દ્રનગર જિલ્લાની હદમાં આવેલા સાયલા ડોળિયા ગામ નજીક આજે ઈકો કાર અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત થયો છે. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૪ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત થયા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ તમામ મૃતકો અરવલ્લી જિલ્લાના મોડાસાના વોલ્વા ગામના રહેવાસી હતા.

## કુલદીપ આર્ય ભારત સરકારમાં જશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના પૂર્વ



કલેક્ટર અને ચૂંટણીપંચમાં રાજ્યકક્ષાએ સહ સી.ઈ.ઓ. તરીકે ફરજો બજાવતા કુલદીપ આર્યની ભારત સરકારના ગ્રામ વિકાસ વિભાગમાં પાંચ વર્ષની પ્રતિનિયુક્તી પર પસંદગી પામ્યા છે. રાજ્યના સનદી અધિકારી સોનલ મિશ્રા પછી હવે કુલદીપ આર્ય પણ ભારત સરકારમાં પ્રતિ નિયુક્તી પર જઈ રહ્યા છે. ભારત સરકારે આજે પત્ર દ્વારા ૨૦૦૯ની બેચના સનદી અધિકારી કુલદીપ આર્યની નિયામક ગ્રામ વિકાસમાં સ્ટાફ સ્કીમમાં પાંચ વર્ષ માટે નિમણુંક માટે પસંદગી કરવામાં આવી છે અને ત્રણ સપ્તાહમાં આ નવી નિમણુંક પર તેમને હાજર થવાનું રહેશે તેવી જાણ ગુજરાત સરકારને કરી છે.

## પેથાપુરને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પેથાપુરમાં ૯૫ ટકા ખેડુત ખાતેદારો રાજપુત છે. વર્ષ ૨૦૧૧ માં સંબંધિત અધિકારીએ મુલ્યાંકન તંત્ર દ્વારા પેથાપુર ગામના ગ્રામજનોને અન્યાય કરી વધારે જંત્રી જાહેર કરી હતી. આ તબક્કે પણ પેથાપુર ગામનો વિકાસ અટકે તેવો પ્રયાસ થયો હતો. જેના લીધે પ્રાથમિક રીતે જ ગાંધીનગરના સિમાડાની સાપેક્ષમાં પેથાપુરનો જંત્રી દર વધારે હોવાથી વિકાસના દ્રષ્ટિકોણથી વિકાસ પર વિપરિત અસર વર્તાઈ રહી છે. વર્ષ ૨૦૧૧ માં પેથાપુર ગામની જમીનમાં એક વિઘાના ૩૦ લાખ હોય જંત્રી મુજબ રૂ ૧ ૦૦,૦૦,૦૦૦ કરવામાં આવતા પેથાપુર ગામના રહેણાંક બિલ્ડર ખેતીની જમીનમાં રોકાણ કરતા ખેડુતો પણ જમીનના બજાર ભાવ અને સરકારી જંત્રીના ભાવોની વિસંગતતાના લીધે રોકોણકારો પેથાપુર તરફ નજર માંડવાનુ ભુલી ગયા છે. જેથી છેલ્લા ૧૨ વર્ષથી પેથાપુર ગામ વિકાસની દ્રષ્ટિએ આગળ વધી શક્યુ નથી. પેથાપુર નગર પંચાયત અસ્તિત્વમાં આવી હતી. નગર પાલિકા પણ કાર્યરત થઈ હતી આમછતા જંત્રીના દર વિકાસ માટે બાધારૂપ બન્યા હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવતા પેથાપુર ગામના તમામ સીમાડાઆ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થઈ ગયા છે. આમછતા પેથાપુર આસપાસના વિસ્તારની સાપેક્ષમાં વિકાસની રાહ પર આગળ વધી શકયુ નથી. જયારે હાલમાં પણ વર્ષ ૨૦૧૧ ની જંત્રી હાલ બજાર કીંમતની વિસંગતતાના લીધે પેથાપુરમાં રોકાણકારો દસ્તક દેતા નથી. જેથી પેથાપુરના ખેડુતોને ઘોર અન્યાય થયો હોવાની લાગણી પ્રબળ બની છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી પેથાપુરને નવા જંત્રી દરમાંથી બાકાત રાખવા માટે પણ રજુઆતમાં જણાંવયાયુ છે. આગામી દિવસોમા આ મામલે મુખ્યમંત્રીને મુલાકાત લઈ રજુઆત કરવામાં આવશે તેમ તેમણે જણાંવ્યુ છે.

## તલાટીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાણાંકીય વર્ષ પૂર્ણ થવા આવ્યુ હોવા છતાં હજુ કોઈ ચુકવણુ નહિ થયાની વાતો પણ જાણવા મળેલ છે. તાલુકાકક્ષાએ આ અંગે મોટી મેન્ડેન્સી હોવાનું ચિત્ર ઉપસ્યુ હતુ.

બેઠકમાં તાલુકામાં પંચાયત વેરાની વસુલાત માટે ગ્રામ્યકક્ષાએ મહોલ્લા બેઠકો યોજી વસુલાત કરવાનું અભિયાન હાથ ધરવામાં આવે તે માટે કડક તાકીદ કરવામાં આવી હતી એટલુ જ નહિ દર ત્રણ દિવસે સમીક્ષા બેઠક યોજવા માટે પણ તાકીદ કરવામાં આવી હતી.

## સે.૧૭માં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમા ંચ -૫ સર્કલ નજીક હાર્દસમા વિસ્તારમાં નવા સદસ્ય નિવાસનુ સંકુલ વધુ સુવિધાયુકત બને તે માટે અગાઉ સમિતિના સુચનો પણ મેળવવામાં આવ્યા હતા જેના અંતે નવા એમ એલ એ કવાર્ટસ બાંધવા માટેની યોજના આખરી કરવામાં આવી હતી. જો કે શરૂઆતથી જ વિલંબમાં પડેલી યોજનાનુ કામ આવાસો તોડવાની કામગીરી બાદ હવે વૃક્ષોની મંજુરીના અભાવે અટવાયુ છે.

## પાક.નો ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વીઓનની વેબસાઈટને ટાંકીને જણાવાયું છે કે, પાકિસ્તાને રાહત સામગ્રી લઈને તુર્કી જઈ રહેલા ભારતીય વિમાનને એર સ્પેસ આપવાનો ઈન્કાર કરી દીધો છે. ગાઝિયાબાદમાં હિંડન એરબેઝથી તૂર્કી પહોંચેલી એનડીઆરએફની પ્રથમ ટીમમાં ૫૧ લોકો સામેલ છે. એનડીઆરએફના અધિકારી અતુલ કરવાલે જણાવ્યું કે, એનડીઆરએફની પ્રથમ ટીમ ૫૧ લોકો સાથે તૂર્કી જવા રવાના થઈ છે.

## વાપસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા સ્થાને છે. આ લિસ્ટમાં વોરેન બફેટ અને બિલ ગેસ્ટ જેવા ધુરંધરોના નામ પણ સામેલ છે. છેલ્લા ત્રણ દિવસમાં અદાણી એન્ટરપ્રાઈઝિસના શેરમાં બાઉન્સ બેક આવ્યો છે જેના કારણે આ શેર તેના તાજેતરના તળિયેથી લગભગ ૯૩ ટકા વધી ગયો છે. આ ઉપરાંત બીજા શેરો પણ પાંચથી આઠ ટકા જેટલા વધ્યા છે. તેના કારણે અદાણીની સંપત્તિમાં આજે તીવ્ર તેજી જોવા મળી છે.

## સંભાવના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેબ્રુઆરીએ પણ આ વિસ્તારમાં વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરવામાં આવી છે. ગુરુવારે કાશ્મીર ઘાટીમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની પણ સંભાવના છે. હવામાન વિભાગે ૭ ફેબ્રુઆરી સુધી અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયના વિવિધ ભાગોમાં વીજળી અને કરા સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

# દુબઈથી પાછા આવેલા મુસાફર પાસેથી ત્રણ કિલો સોનું પકડાયું

### અમદાવાદ એરપોર્ટ પર સોનાની દાણચોરી પકડાઈ : પાર્કિંગની કામગીરી કરતાં શખ્સની સંડોવણી પણ બહાર આવી

અમદાવાદ, તા.૭

અમદાવાદ એરપોર્ટ પર અવાર નવાર સોનું પકડાવાની ઘટના હવે સામાન્ય બની ગઈ છે. આજે ફરી અમદાવાદ એરપોર્ટ પરથી સોનાની દાણચોરીની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ દુબઈથી આવેલ એક મુસાફર પાસેથી ૩ કિલો સોનુ પકડાયુ છે. એરપોર્ટ પર જ્યારે સ્કેનિંગ કરવામાં આવી રહ્યુ હતુ ત્યારે શંકા જતા તપાસ કરવામાં આવી હતી. જેમા તેની પાસેથી ૩ કિલો સોનુ મળી આવ્યું હતું. પ્રાથમિક તપાસ દરમ્યાન તપાસમાં એરપોર્ટ પરના પાર્કિંગની કામગીરી કરતાં એક શખ્સની પણ સંડોવણી બહાર આવી છે. અમદાવાદ એરપોર્ટ પરથી ફરી એકવાર ૨ કરોડનું સોનુ પકડાતા ખળભળાટ મચી ગયો છે. સોનાની દાણચોરી કરતાં એક મુસાફરની પકડી પાડવામાં આવ્યો છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ જ્યારે જ્યારે સ્કેનિંગ કરવામાં આવી રહ્યુ હતુ ત્યારે એક મુસાફર શંકાસ્પદ જણાતાં સ્કેનિંગ સમયે ઈન્ટેલિજન્સ ટીમે વધુ તપાસ કરતા આ મુસાફર પાસેથી ૩ કિલો સોનુ મળી આવ્યું હતું. જેની હાલમાં બજાર કિંમત ૨ કરોડ હોવાનું જાણવા મળ્યુ છે.

પ્રાથમિક વિગતો મુજબ અમદાવાદ એરપોર્ટ પરથી એક મુસાફર શંકાસ્પદ જણાતાં સ્કેનિંગ સમયે ઈન્ટેલિજન્સ ટીમે વધુ તપાસ કરતા આ મુસાફર પાસેથી ૩ કિલો સોનુ મળી આવ્યું હતું. આ સોનુ ધવલ પટેલ નામના વ્યક્તિ પાસેથી રુપિયા ૨ કરોડની કિંમતનું ૩ કિલો સોનુ પકડાયુ હતુ. જો કે તેની પાછળ બીજા કોણ કોણ સંડોવાયેલા તેની વધુ તપાસ શરુ કરવામાં આવી છે. તેમજ એક તપાસ મુજબ તેણે આ સોનુ એરપોર્ટ પર પાર્કિંગની કામગીરી બજાવતા અનિલ પટેલના કહેવાથી સોનુ લાવ્યા હોવાની કબુલાત કરી હોવાનુ જાણવા મળ્યુ છે. જે બાબતે પોલિસે વધુ તપાસ હાથ ધરી છે.

**રક્તદાન મહાદાન**